# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પરીક્ષા વિભાગ – ૦૧ (પ્રિ-પરીક્ષા)

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૬-૭૩૭-૭૩૮

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૮૬૪૧૧ ઈ-મેઈલ : exam01@sauuni.ac.in


ક્રમાંક પરીક્ષા/૦૧/પ્રિ-પરીક્ષા/૭૭૦/૨૦૨૬ તા. ૦૫/૦૨/૨૦૨૬

સંદર્ભ:- અત્રેના વિભાગની તા. ૦૨/૦૨/૨૦૨૬ની નોંધ પર પ્રાપ્ત આદેશ.

પરિપત્ર:-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણીક વર્ષ અનુક્રમે ૨૦૨૪-૨૫ તથા ૨૦૨૫-૨૬ માં જે વિદ્યાર્થીઓએ જે તે કોલેજમાં પ્રવેશ મેળવેલ છે જેમાંથી ઘણા વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં આગળના સેમેસ્ટરનો અભ્યાસ કરવો હોય તો તે માટે કોલેજ ટ્રાન્સફરની કાર્યવાહી પ્રિ -પરીક્ષા વિભાગ દ્વારા જે તે શૈક્ષણીક વર્ષમાં કરવામાં આવે છે, જે અંતર્ગત કોલેજો દ્વારા સેમેસ્ટર-૦૧ માં જે તે વર્ષની ઇંન્ટેક મંજુર થયેલ હોય તેટલા જ વિદ્યાર્થીઓને ફેકલ્ટી વાઇઝ જુદા-જુદા અભ્યાસક્રમોમા પ્રવેશ આપવામાં આવતો હોય છે ત્યાર બાદ જુદી-જુદી કોલેજો દ્વારા ઘણા વિદ્યાર્થીઓના એનરોલમેંન્ટ રદ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

ઉપરોક્ત બાબતો અન્વયે જે તે શૈક્ષણીક વર્ષમાં જે તે વર્ષની ઇંન્ટેક મંજુર થયેલ હોય તેની મર્યાદામાં સમયાંતરે જળવાય રહેવી જોઇએ, એટલે કે સેમેસ્ટર-૦૧ માં કોલેજની જેટલી ઇંન્ટેક હોય તેટલીજ INTAKE સેમેસ્ટર-૦૨ થી સેમેસ્ટર-૦૬ સુધી જળવાય રહેવી જોઇએ.

વધુમાં હાલમાં N.E.P-2020 અંતર્ગત M.D.C.-1. A.E.C.1, S.E.C-1. VAC (IKS)-1 ના વૈકલ્પીક વિષયો કોલેજોમાં ભણાવવામાં આવે છે, જેથી કોલેજ વિદ્યાર્થીઓને TRANSFER કરતા સમયે ફરજીયાત હાલ જે OPTIONAL વિષય હોય તે જે રાખવાનો રહે છે, પરંતુ જો તે વિષય TRANSFER કરવામાં આવતી કોલેજમાં ચલાવવામાં આવતો ન હોય તો તેવા વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં કોલેજ TRANSFER થઇ શકતા નથી.

ઉપર મુજબની બાબતોને ધ્યાને લઇ સંદર્ભદર્શિત નોંધ પર પ્રાપ્ત આદેશાનુસાર હવે પછી વિદ્યાર્થીઓને વર્ષ-૨૦૨૫-૨૬માં કોલેજ ટુ કોલેજ TRANSFER આપી શકાશે નહિ જેની નોંધ લેશો તેમજ સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાન પર મુકશો.

પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર અને માન્ય સંસ્થાના વડાઓ તરફ

(૩) વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ ૦૨-૦૩-૦૪-૦૫ તથા પરીક્ષા કોમ્પ્યુટર-સ્ટોર્સને જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.

નકલ રવાના સવિનય રવાના:- (જાણ સારૂ)

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચીવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ.......